શહેરના 5 મુખ્ય જંકશનો પર વરસાદી ગટરનું કામ શરૂ

હવે 'ગોલ્ડન જંકશન'નો વારો: 20 દિવસ સુધી રસ્તો સિંગલ લેન અથવા સંપૂર્ણ બંધ રહેશે

ગોલ્ડન બાદ હવે આજવા, વાઘોડિયા અને તરસાલીનો 'ખુરદો' બોલાવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.21

સંસ્કારી નગરી વડોદરામાં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલી રસ્તાઓ ખોદવાની કામગીરીને કારણે શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા છે. શહેરના લગભગ તમામ વિસ્તારોમાં કોઈને કોઈ બહાને રસ્તાઓ ખોદી કાઢ્યા બાદ હવે તંત્રની નજર હાઈવેને જોડતા મુખ્ય જંકશનો પર પડી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી વરસાદી ગટર નાખવાની કામગીરી અંતર્ગત ગોલ્ડન જંકશન ખાતે આગામી સોમવારથી રસ્તો બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

પ્રાથમિક તબક્કે ગોલ્ડન જંકશન પર નવી વરસાદી ગટર નાખવા માટે કોન્ટ્રાક્ટર દ્વારા હેવી મશીનરી અને મજૂરો તૈનાત કરવામાં આવશે. કામગીરીની સરળતા અને નાગરિકોની સલામતીને ધ્યાનમાં રાખીને તારીખ 23, સોમવારથી આગામી 20 દિવસ સુધી અહીંથી પસાર થતો વાહન વ્યવહાર પ્રભાવિત



થશે. ગટર પ્રોજેક્ટ શાખાના જણાવ્યા મુજબ, આ રસ્તો સિંગલ લેન રાખવામાં આવશે અથવા જરૂરિયાત મુજબ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. ગોલ્ડન જંકશન એ હાઈવે અને શહેરના અંદરના ભાગોને જોડતો વ્યસ્ત માર્ગ હોવાથી અહીં ટ્રાફિક જામની સમસ્યા સર્જાવવાની પૂરેપૂરી શક્યતા છે. તંત્ર દ્વારા વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ 20 દિવસ દરમિયાન વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરે જેથી કરીને હાલાકીથી બચી શકાય.

એક તરફ ઉનાળાની શરૂઆત અને બીજી તરફ ઠેર-ઠેર ખોદાયેલા રસ્તાઓને કારણે ધૂળની ડમરીઓ અને ટ્રાફિકથી જનતા પરેશાન છે. હવે મુખ્ય જંકશનો પર કામ શરૂ થતા હાઈવે પરથી પસાર થતા ભારે વાહનો અને સ્થાનિક વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો થશે તે નક્કી છે.

તંત્ર દ્વારા મળેલી માહિતી અનુસાર, શહેરના પૂર્વ વિસ્તારને સાંકળતા પાંચ મહત્વના જંકશનો પર નવી વરસાદી ગટર નાખવાનું આયોજન કરાયું છે. જેમાં નીચે મુજબના જંકશનોનો સમાવેશ થાય છે, ગોલ્ડન જંકશન, આજવા જંકશન, કપુરાઈ જંકશન, વાઘોડિયા જંકશન, તરસાલી જંકશન તંત્ર આ તમામ મુખ્ય માર્ગોનો ક્રમબદ્ધ રીતે 'ખુરદો' બોલાવશે, જેની શરૂઆત ગોલ્ડન જંકશનથી કરવામાં આવી રહી છે.

ભરૂચમાં ડોર-ટુ-ડોર સેવા બંધ..!! : 5 મહિનાથી પગાર ન થતાં શ્રમિકોએ સીટી વગાડી પ્રબળ વિરોધ કર્યો

ભરૂચ શહેર કચરાના ઢગલાથી ભરાયું

(પ્રતિનિધિ) ભરૂચ,તા.21

ભરૂચ નગરપાલિકા દ્વારા ચાલતી ડોર-ટુ-ડોર કચરા કલેક્શન સેવા છેલ્લા ત્રણ દિવસથી સંપૂર્ણપણે બંધ છે. પાંચ મહિનાથી પગાર ન મળવાના આક્ષેપો સાથે શ્રમિકોએ સીટી વગાડી વિરોધ પ્રબળ વિરોધ નોંધાવ્યો છે.

શ્રમિકોએ વેદના ઠાલવીને જણાવ્યું છે કે દરેક કર્મચારીનો લગભગ 70 હજાર રૂપિયાનો પગાર બાકી છે.લાખો રૂપિયાની આ બાકી રકમને કારણે કર્મચારીઓએ આખરે આંદોલનનું રણશીંગુ ફૂક્યૂ છે,

આ વિકટ સ્થિતિમાં શહેરની સ્વચ્છતા વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. અનેક વિસ્તારોમાં કચરાના ઢગલા થતાં નાગરિકોમાં રોષ વ્યાપ્યો છે અને જાહેર સ્વાસ્થ્ય માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે.

આંદોલનના ત્રીજા દિવસે ઝાડેશ્વર વિસ્તારમાં મોટી સંખ્યામાં શ્રમિકો એકઠા થયા હતા. કચરો એકત્રિત કરતી વખતે સીટી વગાડતા વાહનચાલકોએ આજે વિરોધના પ્રતીક રૂપે એકસાથે સીટી વગાડી પ્રદર્શન કર્યું હતું. તમામ વાહનો એકસાથે ઊભા રાખી સેવા ઠપ કરવામાં આવી હતી, જેનાથી તંત્ર પર સીધું દબાણ આવ્યું છે.

નગરપાલિકાએ કોન્ટ્રાક્ટરને નાણાં ચૂકવી દીધા હોવાનો દાવો કર્યો છે. જોકે, કર્મચારીઓ સુધી પગાર ન પહોંચતા

કોન્ટ્રાક્ટર પ્રણાલીની પારદર્શિતા પર ગંભીર સવાલો ઊભા થયા છે. અધિકારીઓ દ્વારા યોગ્ય દેખરેખ રાખવામાં નિષ્ફળતા દાખવવામાં આવી હોવાના આક્ષેપો પણ સામે આવી રહ્યા છે. ચૂકવણી થઈ ગઈ હોવાના દાવા અને પગાર ન મળ્યાની વાસ્તવિકતા વચ્ચેનો વિસંગતાભાસ તંત્રની જવાબદારી નક્કી કરવાની માંગને વધુ તીવ્ર બનાવી રહ્યો છે. પવિત્ર રમજાન માસની શરૂઆત સાથે જ સ્વચ્છતા સેવા ઠપ થવાથી કચરાના ઢગલા શહેરની છબીને નુકસાન પહોંચાડી રહ્યા છે. આ અંગે નગર સેવા સદનના ચીફ ઓફિસર હરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટરને કડક સૂચના આપવામાં આવી છે અને શનિવારે સાંજ સુધીમાં સેવા ફરી શરૂ થઈ જશે. જોકે, શહેરવાસીઓ અને કર્મચારીઓ બંને તંત્રના દાવા કરતાં વાસ્તવિક ચૂકવણી અને નિયમિત પગાર વ્યવસ્થા માટે સ્પષ્ટ સમયમર્યાદાની માંગ કરી રહ્યા છે.

આર્ટ્સ ફેકલ્ટીના અંગ્રેજી વિભાગમાં માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ

ભાષાકીય અવાજો અને અભિવ્યક્તિઓ દ્વારા, વિદ્યાર્થીઓએ સાહિત્યિક લખાણને બહુપક્ષીય અનુભવમાં પરિવર્તિત કર્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીની આર્ટ્સ ફેકલ્ટીના અંગ્રેજી વિભાગે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી માટે એક ખાસ સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. લિટરરી સોસાયટી અને ક્વિલ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કાર્યક્રમ સેમિનાર હોલમાં યોજાયો હતો.

ફેડેરિકો ગાર્સિયા લોર્કાના પ્રખ્યાત નાટક, ધ બટરફ્લાયસ એવિલ સ્પેલનું બહુભાષી વાંચન કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. એમએ પ્રોગ્રામના બીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ હિન્દી, ગુજરાતી, મરાઠી, ઉર્દૂ, કાઠિયાવાડી, પંજાબી, સિંધી અને મલયાલમ સહિત વિવિધ ભારતીય ભાષાઓમાં નાટક રજૂ

કર્યું. આ પ્રસ્તુતિ ભારતની ભાષાકીય વિવિધતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિને આબેહૂબ રીતે પ્રતિબિંબિત કરે છે. નાટકે પ્રેમ, સ્વતંત્રતા, સામાજિક સીમાઓ, ઓળખ અને અશક્ય આકર્ષણ જેવા વિષયોનું સંવેદનશીલતાથી અન્વેષણ કર્યું. પોતાના ભાષાકીય અવાજો અને અભિવ્યક્તિઓ દ્વારા, વિદ્યાર્થીઓએ સાહિત્યિક લખાણને બહુપક્ષીય અનુભવમાં પરિવર્તિત કર્યું હતું. વિભાગની પ્રોડક્શન ટીમ, આયોજન સમિતિ, સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં માતૃભાષાના ગૌરવ, સાહિત્યિક અભિવ્યક્તિની શક્તિ અને ભાષાકીય એકતાની ભાવના પર ભાર મૂકવામાં આવ્યો હતો.

સમા પોલીસે હિતેન્દ્ર પરમારના મૃતદેહને SSG ખસેડી સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

અગોરા મોલના ચોથા માળેથી પટકાયેલો યુવક કોણ ? મોતના રહસ્ય પાછળ ચોરીની ઘટના

લોકોની હાજરી જોઈને ગભરાયેલો આ યુવક પકડાઈ જવાના ડરથી ભાગવા જતાં બેલેન્સ ગુમાવી બેઠાની આશંકા

(પ્રતિનિધિ) વડોદરા.તા.21

વડોદરા શહેરના સમા-સાવલી રોડ પર આવેલા સુપ્રસિદ્ધ 'અગોરા સીટી સેન્ટર'માં આજે એક ચોંકાવનારી ઘટના બની હતી. મોલના ચોથા માળેથી નીચે પટકાવાને કારણે એક યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. પ્રાથમિક વિગતો મુજબ, મૃતક યુવક ચોરીના ઈરાદે મોલમાં પ્રવેશ્યો હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. મળતી માહિતી અનુસાર, આજે શનિવાર હોવાને કારણે અગોરા સીટી સેન્ટરમાં લોકોની અવરજવર અને હલચલ જોવા મળી હતી. આ દરમિયાન એક યુવક મોલના ચોથા માળે શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. લોકોની હાજરી જોઈને ગભરાયેલો આ યુવક પકડાઈ જવાની બીકે ભાગવા જતાં બેલેન્સ ગુમાવી બેઠો હતો અને સીધો ચોથા માળેથી નીચે પટકાયો હતો. ઊંચાઈ પરથી પટકાવાને કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના પરિણામે તેનું મોત નીપજ્યું હતું.

આ ઘટનાને પગલે અગોરા સીટી સેન્ટર અને આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસ અત્યારે એ તપાસી રહી છે કે હિતેન્દ્ર સાથે અન્ય કોઈ સાગરીતો હતા કે તે એકલો જ હતો.

ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત પોલીસને જાણ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મૃતકનું નામ હિતેન્દ્ર પરમાર હોવાનું સામે આવ્યું છે. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ મામલે સમા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. યુવક ખરેખર ચોરી કરવાના ઈરાદે જ આવ્યો હતો કે અન્ય કોઈ કારણ હતું, તે દિશામાં સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શનિવારના રોજ અગોરા સીટી સેન્ટરમાં લોકોની અવરજવર અને હલચલ જોવા મળી હતી. આ દરમિયાન એક યુવક મોલના ચોથા માળે શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. લોકોની હાજરી જોઈને ગભરાયેલો આ યુવક પકડાઈ જવાના ડરથી ભાગવા જતાં બેલેન્સ ગુમાવી બેઠો હતો અને સીધો ચોથા માળેથી નીચે પટકાયો હતો. ઊંચાઈ પરથી પટકાવવાને કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના પરિણામે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત પોલીસને જાણ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મૃતકનું નામ હિતેન્દ્ર પરમાર હોવાનું સામે આવ્યું છે. સમા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો.

સમા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. યુવક ખરેખર ચોરી કરવાના ઈરાદે જ આવ્યો હતો કે અન્ય કોઈ કારણ હતું, તે દિશામાં સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે.

બાળ કલ્યાણ સમિતિ દ્વારા બોર્ડના 37 વિદ્યાર્થીઓને પરીક્ષા કિટ અપાઈ

શંકરલાલ ત્રિવેદીનો સેવાયજ્ઞ, પરીક્ષામાં ઝળકતા તારલાઓને મોમેન્ટો આપી સન્માનિત કરવાની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા. તા.21

બાળ કલ્યાણ સમિતિ દ્વારા સામાજિક જવાબદારી અને માનવીય અભિગમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આગામી બોર્ડની પરીક્ષામાં બેસનારા 37 જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સફળતાના આશીર્વાદ સાથે 'એક્ઝામ કિટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું. સામાજિક કાર્યકર અને સમિતિના અગ્રણી શંકરલાલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આ પ્રેરક કાર્યક્રમ યોજાયો હતો. બાળકોના ભવિષ્ય માટે બોર્ડની પરીક્ષા ખૂબ જ મહત્વની ગણાય છે. આ સમયે બાળકો માનસિક દબાણમાં ન રહે અને સંપૂર્ણ તૈયારી સાથે પરીક્ષા આપી શકે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોબેશન ઓફિસર અને બાળ કલ્યાણ સમિતિના સભ્યોની વિશેષ ઉપસ્થિતિમાં આ 37 વિદ્યાર્થીઓને લેખન સામગ્રી સહિતની જરૂરી કિટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે શંકરલાલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, "બાળકો એ રાષ્ટ્રનું ભવિષ્ય છે. આર્થિક કે અન્ય કોઈ અભાવને કારણે કોઈ પણ પ્રતિભાશાળી બાળક પરીક્ષાથી વંચિત ન રહેવું જોઈએ." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જે વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઉત્તીર્ણ થશે, તેઓને આગામી સમયમાં ભવ્ય કાર્યક્રમ યોજી 'મોમેન્ટો' આપી સન્માનિત કરવામાં આવશે, જેથી અન્ય બાળકો પણ તેમાંથી પ્રેરણા મેળવી શકે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત CWC ના ચેરમેન મેહુલ લાખાણી, પૂર્વ સભ્ય પ્રવીણ વાછાણી, ઘનશ્યામ સોલંકી તથા સંકુલના પ્રોજેક્ટ મેનેજર મેહુલભાઈ બાળકોને 'ઓલ ધ બેસ્ટ' કહી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. બાળ કલ્યાણ સમિતિના આ માનવીય અભિગમને કારણે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.

બિલિયસ લાઇવ્સ ફાઉન્ડેશન દ્વારા સ્કોર લવલીહુડ ફાઉ.ના સહયોગથી કાર્યક્રમ

ટિમ્બી ગામ ખાતે વર્લ્ડ સોશિયલ જસ્ટિસ ડેની ઉજવણી કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

બિલિયસ લાઇવ્સ ફાઉન્ડેશન દ્વારા Score Livelihood Foundationના સહયોગથી ટિમ્બી ગામ ખાતે "વર્લ્ડ સોશિયલ જસ્ટિસ ડે"ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામની મહિલાઓ માટે જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓને તેમના અધિકારો અને ફરજો વિશે માહિતગાર કરવામાં આવી. સાથે મહિલાઓની સુરક્ષા અને ન્યાય માટે સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ સહાય યોજનાઓ અને હેલ્પલાઈન નંબરો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. મુખ્ય વક્તા ભાવના વ્યાસબેન દ્વારા ઈન્ટરેક્ટિવ સત્ર યોજાયું, જેમાં મહિલાઓની સમસ્યાઓ અને પ્રશ્નોને ધ્યાનપૂર્વક સાંભળીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે મહિલાઓને તેમના અધિકારો વિશે જાગૃત રહેવા અને અન્યાય સામે અવાજ ઉઠાવવા પ્રેરિત કર્યા. કાર્યક્રમમાં ગામની મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને બંને સંસ્થાઓના પ્રયત્નની પ્રશંસા કરી. કાર્યક્રમ દ્વારા બિલિયસ લાઇવ્સ ફાઉન્ડેશન અને Score Livelihood Foundationએ સામાજિક ન્યાય, સમાનતા અને મહિલા સશક્તિકરણ માટેની પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર વ્યક્ત કરી હતી.

25મીએ જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને પ્રશિક્ષણ ભરતી મેળો

તરસાલી ખાતે ૨૫૦થી વધુ જગ્યાઓ માટે મુલાકાત અને માર્ગદર્શનની વ્યવસ્થા

(પ્રતિનિધિ) વડોદરા તા.21

મદદનીશ રોજગાર નિયામક કચેરી, તરસાલી, વડોદરા દ્વારા તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યેથી મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, પહેલો માળ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા પરિસર, તરસાલી, વડોદરા ખાતે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને પ્રશિક્ષણ ભરતી મેળો તેમજ સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, ઔદ્યોગિક તાલીમ સંસ્થા (તમામ વ્યવસાય), ડિપ્લોમા (તમામ), તેમજ સ્નાતક કક્ષાની લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષના મહિલા અને પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. ભરતી મેળામાં ૧૦થી વધુ નોકરીદાતાઓ દ્વારા ૨૫૦થી વધુ ટેકનિકલ તથા ગૈર-ટેકનિકલ જગ્યાઓ માટે ઉમેદવારોની મુલાકાત લઈ રોજગારીની તકો પૂરી પાડવામાં આવશે.

મેળા દરમિયાન ઉમેદવારોને વિદેશ રોજગાર અને શિક્ષણ માટે સુરક્ષિત તથા કાયદેસર સ્થળાંતર અંગે માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના, સ્વરોજગાર લોન સહાય યોજનાઓ, વ્યવસાયિક અને કૌશલ્ય તાલીમ, તેમજ રોજગારલક્ષી અનુબંધમ અને રાષ્ટ્રીય કારકિર્દી સેવા પોર્ટલ પર નામ નોંધણી અને તેના ઉપયોગ અંગે માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવશે.

રસ ધરાવતા તથા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ ત્રણ જીવનવૃત્ત સાથે પોતાના ખર્ચે નિર્ધારિત સ્થળ, તારીખ અને સમયે હાજર રહેવું. પસંદગી પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને ઉમેદવાર કે નોકરીદાતાએ કોઈપણ પ્રકારની ફી અથવા ચાર્જ ચૂકવવાનો રહેશે નહીં, તેવી ખાસ નોંધ લેવા મદદનીશ રોજગાર નિયામક, વડોદરાએ યાદીમાં જણાવ્યું છે.

આજે VYO દ્વારા ફૂલ ફાગ અને હોળી રસીયાનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.21

VYO વડોદરા તેમજ વ્રજધામ સંકુલની સમગ્ર ટિમ આ આયોજન મા કાર્યરત બની છે . કલા એવમ સંસ્કારીનગરી વડોદરાના આંગણે *વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) વડોદરા એવમ વ્રજધામ આધ્યાત્મિક સંકુલના તત્વાવધાનમાં શ્રીવલ્લભકુલભુષણ વૈષ્ણવાચાર્ય *પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી*ના મંગલ સાનિધ્યમાં વસંતના વાસંતી રંગોને વધાવવા *"હોલી રસિયા સંગ ફૂલ ફાગ ઉત્સવનું ભવ્ય આયોજન તા. ૨૨-૨-૨૬ રવિવાર ના રોજ શહેરના માંજલપુર સ્થિત પંચશીલ ગ્રાઉંડ ખાતે કરવામાં આવ્યું છે . વ્રજ પ્રસિદ્ધ પારંપરિક રસિયાના સુરાવલીની રમઝટ જામશે . જેમાં હજારો ભાવિકજનો ઉપસ્થિત રહેશે. વસંત વિહારી શ્રીકૃષ્ણ પ્રભુની દિવ્ય લીલાઓના સ્મરણ ની સાથે આનંદ પ્રેમ અને સમરસતા ના રંગોની ઉજવણીને સાકાર કરતો હોળી રસિયા એવં ફૂલફાગ ઉત્સવમાં માં અસંખ્ય ભાવિકજનો લાભ પ્રાપ્ત કરશે.

PUBLIC NOTICE

It is hereby informed that the State Level Environment Impact Assessment Authority, Gujarat has accorded Environmental Clearance vide Letter No. SEAC/GJ/IND1/516293/103503/2025, dated 01/03/2025 to our **Proposed Project of M/s. Rikin Enterprise Pvt. Ltd. for setting up of standalone Cement Grinding Unit at Survey no: 395/62/B, At-Vejpur, Tehsil: Desar, District: Vadodara-391774** under the provision of EIA Notification dated 14th September 2006.

Copies of clearance letter may be seen at website of State Level Environment Impact Assessment Authority at **https://seiaa.gujarat.gov.in/** and are also available at Gujarat Pollution Control Board, Paryavaran Bhavan, Sector-10A, Gandhinagar - 382 010.

For, Rikin Enterprise Pvt. Ltd
Director

Place: Vejpur, Vadodara
Dated: 21/02/2026

બોર્ડ પહેલાં ગોલ્ડ: વડોદરાના ઓમ શર્માની પ્રેરણાદાયી સફર

નિશ્ચય અને મહેનત હોય તો કોઈ પણ લક્ષ્ય અશક્ય નથી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

જ્યારે મોટાભાગના વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષાની તૈયારીમાં તણાવ અને ચિંતા અનુભવે છે, ત્યારે વડોદરાના ૧૬ વર્ષીય ઓમ સુશીલ શર્માએ એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. ધોરણ ૧૦ની ગણિતની બોર્ડ પરીક્ષા પહેલા જ દિવસે તેણે વેઇટલિફ્ટિંગમાં ગોલ્ડ મેડલ જીતીને સૌને ચકિત કરી દીધા છે.

જૂનાગઢ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ ૩.૦ માં ૬૭ કિલોગ્રામ વજન વર્ગમાં ઓમે કુલ ૧૪૦ કિલોગ્રામ વજન ઉંચકી સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તેણે સ્નેચમાં ૬૪ કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં ૭૬ કિગ્રા ઉંચક્યા. આ વિજય માત્ર મેડલ પૂરતો નહોતો, પરંતુ તેની મહેનત, શિસ્ત અને આત્મવિશ્વાસનું પ્રતિક હતો.

વિશેષ વાત એ હતી કે, મેડલ જીત્યા પછી પણ ઓમે આરામ ન કર્યો. ઘરે

પરત ફરતા જ તેણે ગણિતની પરીક્ષાની તૈયારી શરૂ કરી દીધી હતી. રસ્તામાંથી બુક ખરીદી અને રાતભર અભ્યાસ કર્યો. બીજા દિવસે સવારે તેણે લિફ્ટિંગ બેલ્ટને પેનથી બદલીને પરીક્ષા આપી. જે બતાવે છે કે નિશ્ચય અને મહેનત હોય તો કોઈ પણ લક્ષ્ય અશક્ય નથી. મૂળ હરિયાણાના ભિવાની જિલ્લાના રહેવાસી ઓમનો પરિવાર વ્યવસાય માટે વડોદરા સ્થાયી થયો. એક સમયે ક્રિકેટર બનવાનું સ્વપ્ન જોનાર ઓમ ગુજરાતી વિષયમાં નિષ્ફળ ગયો, જે તેના માટે મોટો ઝટકો હતો. પરંતુ આ નિષ્ફળતાએ જ તેને નવી દિશા બતાવી. જીમમાં જતા તેને વેઇટલિફ્ટિંગનો પરિચય થયો અને ધીમે ધીમે આ રમત તેનો જુસ્સો બની ગઈ.

વડદલા ગામે જમીન નહી ખેડવાનું કહેતા ત્રણ સગી બહેનો બાખડી

અનાજ કરીયાણા સહિતનો સામાન લઈ આવવા મુદ્દે નાની બહેન પર બે મોટી બહેનોનો હુમલો

નાની બહેનને ઇજાઓ પહોંચતા સારવાર માટે એસએસજીમાં ખસેડાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડદલા ગામે રહેતી નાની બહેને મોટી બહેનને ઘર વખરીનો સામાન લઈ આવવા માટે કહેતા તેણીએ ના પાડી દીધી હતી. જેથી નાની બહેને તેમના ભાગની જમીન નહી ખેડવાનું કહેતા મોટી બહેન અકળાઈ હતી. ત્યારબાદ નાની બહેન પર લાકડીથી હુમલો કર્યો હતો. ત્યારબાદ અન્ય બહેન પણ ધસી નાની બહેનને ફટકારી હતી. જેથી ઈજાગ્રસ્ત યુવતીને એસએસજીમાં સારવાર માટે ખસેડાઈ હતી.

વડોદરા જિલ્લાના વડદલા ગામે રહેતા સુરૂચી રણછોડભાઈ પઢિયારે ફરિયાદ નોંધાવી છે કે હુ મારી મમ્મી શારદાબેન સાથે રહુ છુ અને ઘરકામ કરી મારુ ગુજરાન ચલાવુ છુ. મારા પિતાજી 6 વર્ષથી મરણ પામ્યા છે. અમે ત્રણ બહેનો છીએ જેમાં સૌથી મોટી પ્રેરણાબેન છે જેના લગ્ન વડોદરા અટલાદરા ખાતે રહેતા ધીરજભાઈ સાથે થયા છે. તેનાથી નાની પ્રાર્થનાબેનના લગ્ન માણેજા ખાતે થયા હતા પરંતુ તેના છુટા છેડા થઈ ગયા છે. મારા પિતાજીનું ત્રણ માળનું મકાન છે, જે મકાનના બીજા માળે પહેલા માળે મારી બે બહેનો રહે છે અને મકાનની નીચેના ભાગે મારી મમ્મી શારદાબેન રહે છે. અને આ મારી બહેન પ્રેરણા મારા પિતાજીની તમામ જમીનની ઉપજ મેળવતી હોય જેથી અમારા ઘરમાં તમામનુ અનાજ કરીયાણાનું પુરૂ પાડે છે. દશેક દિવસથી મારા ઘરે અનાજ કરીયાણાનું પરચુરણ સર-સામાન પુરૂ થઈ ગયું હતું. જેથી હું મારી મોટી બહેન પ્રેરણાને અવારનવાર સામાન લઈ આપવા બાબતે વાત કરી હતી. પરંતુ મારી બહેન પ્રેરણાએ મને આજે કાલે લઈ આવુ છુ તેવી વાત કરી વાયદા કરતી હતી. જેથી 19 ફેબ્રુઆરીના રોજ સાંજના આશરે સાતેક વાગ્યાના સુમારે હું મારા ઘરે હતી. ત્યારે મારી બહેન પ્રેરણાને મે ઘરવખરી સામાન લઈ આપવા કહેતા તેણે મારી બહેન પ્રેરણા મારી સાથે ઝઘડો કરી મને તારે જે કંઈ ખાવુ હોય તે ખા હુ તને કંઈ આપવાની નથી તેવી વાત કરતા મે તેને મારા ભાગની જમીનનુ ખેડવાનુ બંધ કરી દેજે. હુ મારી રીતે ખેડી લઈશ તેવી વાત કરતા મારી બહેન પ્રેરણાએ તને કોઈ જમીનનો ભાગ મળે નહી તેમ કહી ઉશ્કેરાઈ લાકડા ઝાપટો મારી દીધી હતી અને બીજી બહેન પ્રાર્થનાએ તુ કંઈ કામ કરતી નથી અને ઘરમાં પડી રહે છે તેમ કહી પ્રેરણાનું ઉપરાણુ લઈને પ્રાર્થનાએ પણ લાફા માર્યાં હતા. હું નીચે પડી જતા મારી બન્ને બહેનોએ ભેગા મળીને મને ઢોર મારતા મને ઈજા થઈ હતી. જેમાં મને ઈજાઓ પહોંચતા 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે એસએસજીમાં ખસેડાઈ હતી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CINU40102GJ2003SGC042909
રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા
ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલઃ eeraj.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

DGVCL

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર ઉપર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ (વાર)	સમય
૧	૬૬ કેવી ડેડીયાપાડા	ભાટપોર એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૪-૦૨-૨૦૨૬ (મંગળવાર)	૮.૦૦ થી ૧૬.૦૦
૨	૬૬ કેવી ડેડીયાપાડા	ચૂલી એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૪-૦૨-૨૦૨૬ (મંગળવાર)	૮.૦૦ થી ૧૬.૦૦
૩	૬૬ કેવી પોમલાપાડા	ખર્ચીપાડા એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૪-૦૨-૨૦૨૬ (મંગળવાર)	૮.૦૦ થી ૧૬.૦૦
૪	૬૬ કેવી પોમલાપાડા	ઘનોર એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૪-૦૨-૨૦૨૬ (મંગળવાર)	૮.૦૦ થી ૧૬.૦૦
૫	૬૬ કેવી ડેડીયાપાડા	જરગામ એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૨૪-૦૨-૨૦૨